
## જન્મદિને વધામણી



રામાભાઈ જી. જોષી
મો. ૯૯૨૪૩ ૩૬૨૩૭



જીલુભા ધાઘલ
મો. ૯૭૨૬૧ ૫૫૯૭૩



નયનાબેન ડી શાહ
મો. ૯૯૦૪૪ ૭૦૧૮૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ક્રિશ્રા સ્કૂલ ઓફ સાયન્સ ખાતે વાર્ષિક રમતોત્સવ



રાજ શિક્ષણ સંકુલમાં સ્થિત શારદા વિદ્યાલય, ક્રિશ્રા સ્કુલ ઓફ સાયન્સ અને રાજ સ્કુલના વિદ્યાર્થીઓનો રમત ઉત્સવ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો, જેમાં ૨૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રથમ ત્રણ ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ રમત ઉત્સવને સફળ બનાવવા માટે શિક્ષકો અને વિદ્યાર્થી ટીમોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. શાળાના આચાર્ય અશ્વિભાઈ અને ટ્રસ્ટીગણે સર્વ શિક્ષકમિત્રો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# નહેરુ યુવા કેન્દ્ર દ્વારા વિવેકાનંદ જયંતી ઉજવાઈ

ગાંધીનગર, તા. ૧૩

સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા વિવેકાનંદ સ્કૂલ-સે.૨૪, વિધાનસભા સંકુલ, યુથ હોસ્ટેલ સંકુલ, સિવિલ હોસ્પિટલ સંકુલ ખાતે સ્થિત સ્વામી વિવેકાંદની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી. યુવાનો દ્વારા દેશની અખંડિતતા માટે શપથ પણ ગ્રહણ કરવામાં આવ્યા હતા.




જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે વિવિધ શૈક્ષણિક, સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી નિબંધ સ્પર્ધા, રક્તદાન કાર્યક્રમ, સ્વચ્છતા કાર્યક્રમ, યુથ પાર્લામેન્ટ, યુવા સંકલ્પ, સમૂહ સૂર્યનમસ્કાર, વક્તૃત્વ સ્પર્ધા, પરિસંવાદ જેવા કાર્યક્રમોનું આયોજન પણ કેન્દ્ર દ્વારા જિલ્લાભરમાં કરવામાં આવ્યું હતું.

સ્વામી વિવેકાનંદના જીવન આધારિત ૫૦૦ જેટલી પુસ્તિકાઓનું વિતરણ પણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું.

નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર, સંજીવ મહેતા, કશ્યપ નિમાવત, હાર્દિક ચૌહાણ, ઋષિકેશ માંડલિયા, રાકેશ ગોસ્વામી ઉપરાંત મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ આ ઉપક્રમ માટે પોતાનો સક્રિય સહયોગ પૂરો પાડ્યો હતો.

# શ્રીમતી આર એન પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓ ઉત્તર ગુજરાતનો શૈક્ષણિક પ્રવાસ કરી આવ્યા



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળઆના ધોરણ-૫ અને ૬ના ૧૦૭ વિદ્યાર્થીઓએ મહેસાણા દૂધસાગર ડેરીની મુલાકાત લીધી હતી. ડેરીની સંપૂર્ણ કાર્યપદ્ધતિ વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ નિહાળી તે અંગે વિશદ માહિતી પ્રાપ્ત કરી હતી તથા ડેરી તરફથી ફલેવર્ડ મિલ્કની મજા પણ માણી હતી. ત્યારબાદ મોઢેરા સૂર્યમંદિર, વર્ણિન્દ્રધામ સ્વામિનારાયણ મંદિરની મુલાકાત પણ વિદ્યાર્થીઓ દ્વારા લેવામાં આવી હતી. અહીં બાળ પ્રદર્શન, સાયન્સ ઝોન અને ટ્રેન રાઈડનો આનંદ પણ તેમણે માણી હતી. શિક્ષકો આ પ્રવાસમાં વિદ્યાર્થીઓ સાથે રહ્યા હતા.

# સે. ૧૭ના રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ ઉજવાઈ



રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સૅક્ટર-૧૭ ખાતે સ્વામી વિવેકાનંદ જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ગ્રંથાલયમાં આવતા વાચકો દ્વારા આ ઉજવણીમાં ભાગ લેવામાં આવ્યો હતો અને સ્વામી વિવેકાનંદના જીવનચરિત્ર અંગે પોતાના પ્રતિભાવો આપવામાં આવ્યા હતા.

# શ્રી અરવિંદ સાધના કેન્દ્ર ઓમપુરી ખાતે બીબીએના વિદ્યાર્થીઓનો એક દિવસીય સેમીનાર



ગાંધીનગર, તા. ૧૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશનના ૧૦૪ વિદ્યાર્થીઓ માટે માતર નજીક આવેલ શ્રીઅરવિંદ સાધના કેન્દ્ર ખાતે એકદિવસીય યોગ-ધ્યાન તેમજ શ્રી અરવિંદના જીવનચરિત્ર બાબતે એકદિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર કેન્દ્રના પ્રમુખ ડો. ચંદ્રકાંતભાઈ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા અને આશ્રમની શરૂઆતથી લઈ તેના ભવિષ્યના આયોજનો બાબતે જણાવ્યું હતું. આના વર્કશોપ માટે ગાંધીનગર થી ડો.ચંદ્રકાંત તન્ના તેમજ રજનીકાંત શાહ (નિવૃત સંયુક્ત સચિવ) વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જેમના દ્વારા વિદ્યાર્થીઓ ને સરકારી નોકરી સહીત ની સ્પર્ધાત્મક પરીક્ષાઓ બાબતે તલસ્પર્શી માર્ગદશન આપવામાં આવ્યું હતું. સમગ્ર વ્યાખ્યાનમાં વ્યક્તિત્વ વિકાસ, સરકારી અધિકારીની કામગીરી, કાયદાકીય જ્ઞાન ની આવશ્યકતા, સંસદીય માર્ગદશન જેવા અનેક ગહન વિષયોને ખુબ રસપ્રદ રીતે સાંકળવામાં આવ્યા હતા. ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટી ના હેડ ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને સમગ્ર કાર્યક્રમ માટે માર્ગદર્શિત કરાયા હતા અને યુથ કાઉન્સિલના આગામી કાર્યો બાબતે નવા આયોજનો રજુ કરાયા હતા. વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો પર પોતાના વક્તવ્ય આપ્યા હતા. જેમાં તેઓના શ્રી અરવિંદ, શ્રી માતાજી, ધ્યાન સહીતના વિષયો પરનાં અધ્યયન સૌને પ્રભાવિત કરી ગયા હતા.

સમગ્ર દિવસની તાલીમ શિબિર બાદ વિદ્યાર્થીઓમાં નવી ઉર્જા નો સંચાર થયો હોય તેવું સ્પષ્ટ જણાતું હતું. વિદ્યાર્થીઓએ તેમના અભિપ્રાયમાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમથી અમને અમારા ધ્યેયને સિદ્ધ કરવા માટે ખુબ ઉપયોગી ઊર્જા મળી છે તેમજ ધ્યાન અને યોગના મહત્વ સાથે સાથે વિવિધ કુટેવોથી દુર રહેવા બાબતે જે શીખ મળી છે, તેને જીવનપર્યંત યાદ રાખીશું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ , ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ધર્મેન્દ્ર રાઠોડ, ડો.આશિષ ભુવા દ્વારા કરવામાં આવ્યું હતું.




શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા શનિવારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલની પુણ્યતિથિ નિમિત્તે એનએસએસ વિભાગ દ્વારા મૂકબધિર શાળા, સૅક્ટર-૨૮ની મુલાકાત લઈ બાળકો સાથે સમય પસાર કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થિનીઓ દ્વારા બાળકોને નાસ્તો પણ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમનું આયોજન, સંચાલન એનએસએસ સંયોજક રમેશભાઈ પટેલ અને કમલેશભાઈ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું.

# સ્વીમથોનમાં ઝળકેલા ગાંધીનગરના તૈરાક



પ્રતિવર્ષ યોજાતી રાષ્ટ્રીય સમુદ્ર તરણ સ્પર્ધા 'સ્વીમથોન'માં ગાંધીનગરના તરવૈયાઓએ કાઠું કાઢીને ગાંધીનગરને ગૌરવ અપાવ્યું એ સમાચાર આપણે જાણીએ છીએ. આ ગૌરવશાળી ટીમમાં સૌથી નાની વયનો સદસ્ય હતો માત્ર ૮ વર્ષનો. આરવ એનું નામ. સૅક્ટર-૫ સીના રહેવાસી આરવ જય પટેલે શ્રીરામ સ્વીમિંગ ક્લબ, પોરબંદર ખાતે આયોજિત આ સ્વીમથોનમાં ૬ વર્ષથી ૧૪ વર્ષની કૅટેગરીમાં ભાગ લીધો હતો અને સમુદ્રમાં એક કિમી સુધીનું તરણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું. આરવ છેલ્લાં બે વર્ષો દરમિયાન ખેલ મહાકુંભમાં પણ ઈનામો પ્રાપ્ત કરી ચૂક્યો છે. ઉલ્લેખનીય છે કે આ તરણસ્પર્ધામાં ૧૮ વર્ષીય સુમિત ચૌધરી દ્વારા બે કિમી અને તોફિક મેમણ દ્વારા બે કિમી તથા પાંચ કિમી સમુદ્રતરણ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ તાલીમાર્થીઓ કોચ કે જી ભગત પાસેથી તરણની તાલીમ પ્રાપ્ત કરી રહ્યા છે.

# મહાત્માની વકીલાત

સન ૧૮૯૩ની સાલમાં નાતાલમાં હિંદી કોમના અગ્રગણ્ય નેતા શેઠ હાજી મહમદ હાજી દાદા ગણાતા. સાંપત્તિક સ્થિતિમાં શેઠ અબદુલ્લા હાજી આદમ મુખ્ય હતા, પણ તેઓ તેમ જ બીજા જાહેર કામમાં શેઠ હાજી મહમદને જ પ્રથમ સ્થાન આપતા. એટલે તેમના પ્રમુખપણા નીચે અબદુલ્લા શેઠના મકાનમાં એક સભા ભરાઈ. તેમાં ફ્રેંચાઈઝ બિલની સામે થવાનો ઠરાવ થયો. સ્વયંસેવકો નોંધાયા. આ સભામાં નાતાલમાં જન્મેલા હિંદીઓ, એટલે ખ્રિસ્તી જુવાનિયાને પણ એકઠા કર્યા હતા. મિ. પૉલ ડરબનની કોર્ટના દુભાષિયા હતા. મિ. સુભાન ગૉડફ્રે મિશન સ્કૂલના હેડમાસ્તર હતા. તેમણે પણ સભામાં હાજરી આપી, ને તેમની અસરથી તે વર્ગના જુવાનિયા સારી સંખ્યામાં આગળ આવ્યા હતા. આ બધા સ્વયંસેવકો તરીકે જોડાયા. વેપારી તો ઘણા હતા જ. તેમાંના જાણવાજોગ નામ, શેઠ દાઉદ મહમદ, મહમદ કાસમ કમરુદ્દીન, શેઠ આદમજી મિયાંખાન, એ. કોલંદાવેલ્લુ પીલે, સી. લછીરામ, રંગસામી પડિયાચી, આમદ જીવા વગેરે હતા. પારસી રુસ્તમજી તો હોય જ. મહેતા વર્ગમાંથી પારસી માણેકજી, જોશી, નરસીરામ વગેરે, દાદા અબદુલ્લા ઈત્યાદિની મોટી પેઢીઓના નોકરો હતા. આ બધાને જાહેર કામમાં જોડાવાથી આશ્ચર્ય લાગ્યું. આમ જાહેર કામમાં નોતરાવાનો ને ભાગ લેવાનો તેમનો આ પ્રથમ અનુભવ હતો. આવી પડેલા દુઃખની સામે નીચઊંચ, નાનામોટા, શેઠનોકર, હિંદુ-મુસલમાન, પારસી, ઈસાઈ, ગુજરાતી, મદ્રાસી, સિંધી, વગેરે ભેદ ભુલાઈ ગયા હતા. સહુ હિંદનાં સંતાન અને સેવક હતા.

બિલની બીજી સુનવણી થઈ ગઈ હતી કે થવાની હતી. તે વખતે થયેલાં ધારાસભાનાં ભાષણોમાં એવી ટીકા હતી કે, કાયદો આવો સખત હતો છતાં હિંદીઓ તરફથી કશો વિરોધ નહોતો, તે હિંદી કોમની બેદરકરી અને તેની મતધિકાર ભોગવવાની નાલાયકીનો પુરાવો હતો.

મેં વસ્તુસ્થિતિ સભાને સમજાવી. પ્રથમ કાર્ય તો એ થયું કે ધારાસભાના પ્રમુખને તાર મોકલવો કે તેમણે બિલનો વધુ વિચાર મુલતવી રાખવો. એવો જ તાર મુખ્ય પ્રધાન, સર જૉન રૉબિન્સને પણ મોકલ્યો, ને બીજો દાદા અબદુલ્લાન મિત્ર તરીકે મિ. એસ્કંબને. આ તારનો જવાબ ફરી વળ્યો કે બિલની ચર્ચા બે દિવસ મુલતવી રહેશે. સહુ રાજી થયા.

અરજી ઘડાઈ. તેની ત્રણ નકલ મોકલવાની હતી. પ્રેસને સારુ પણ નકલ તૈયાર કરવાની હતી. અરજીમાં બની શકે તેટલી સહીઓ લેવાની હતી. આ કામ બધું એક રાતમાં પૂરું કરવાનું હતું. પેલા શિક્ષિત સ્વયંસેવકો અને બીજા લગભગ આખી રાત જાગ્યા. સારા અક્ષર લખનાર તેમાંના એક મિ. આર્થર બુક્થા હતા. તેમણે સુંદર અક્ષરે અરજીની નકલ કરી. બીજાઓએ તેની બીજી નકલ કરી. એક બોલે ને પાંચ લખતા જાય. એમ પાંચ નકલ એકસાથે થઈ. વેપારી સ્વયંસેવકો પોતપોતાની ગાડીઓ લઈ કે પોતાને ખર્ચે ગાડીઓ ભાડે કરી સહીઓ લેવા નીકળી પડ્યા.

અરજી ગઈ. છાપામાં છપાઈ. તેને વિષે અનુકૂળ ટીકાઓ થઈ. ધારાસભા ઉપર પણ અસર થઈ. તેની ચર્ચા પણ ખૂબ થઈ. અરજીમાં આપેલી દલીલના રદિયા અપાયા, પણ તે આપનારને લૂલા લાગ્યા. બિલ તો પાસ થયું. આ પરિણામ આવશે એમ સહુ જાણતા હતા. પણ કોમમાં નવજીવન રેડાયું. એક કોમ છીએ, માત્ર વેપારી હકોને જ સારુ નહીં પણ કોમી હકોને સારુ પણ લડવાનો સહુનો ધર્મ છે, એમ સહુ સમજ્યા.

એ સમયે લૉર્ડ રિપન સંસ્થાનોના પ્રધાન હતા. તેમને એક જંગી અરજી કરવાનો ઠરાવ કર્યો. આ અરજીમાં જેટલાની બને તેટલાની સહીઓ લેવાની હતી. એ કામ એક દહાડામાં ન જ થાય. સ્વયંસેવકો નિમાયા ને કામ ઉકેલવાનું સહુએ હાથ લીધું. અરજીની પાછળ મેં બહુ મહેનત લીધી. મારે હાથ આવ્યું તે બધું સાહિત્ય વાંચી લીધું. હિંદુસ્તાનમાં આપણે એક પ્રકારનો મતાધિકાર ભોગવીયે છીએ એ સિદ્ધાંતની દલીલને અને હિંદીઓની વસ્તી જૂજ છે એ વ્યવહારીક દલીલને, મેં મધ્યબિંદુ બનાવ્યું.

અરજીમાં દશ હજાર સહીઓ થઈ. એક પખવાડીયામાં અરજી મોકલવા જોગી સહીઓ મળી રહી. આટલા સમયમાં નાતાલમાં દશ હજાર સહીઓ લેવી એને વાંચનાર નાનનીસૂની વાત ન સમજે. સહીઓ આખા નાતાલમાંથી લેવાની હતી. માણસો આવા કામથી અજાણ્યા હતા. શેમાં સહી કરે છે તે સમજે નહીં ત્યાં સુધી સહી ન લેવાનો નિશ્ચય હતો, તેથી મુદામ સ્વયંસેવકોને મોકલીને જ સહી લેવાય તેમ હતું. ગામડાં દૂર દૂર હતાં. એટલે, ઘણા કામકરનારા ચીવટથી કામ કરે તો જ આવાં કામ શીઘ્રતાથી થઈ શકે. તેમ જ થયું. આમાં બધાએ ઉત્સાહ પૂર્વક કામ કર્યું. આમાંના શેઠ દાઉદ મહમદ, પારસી રુસ્તમજી, આદમજી મિયાંખાન, અને આમદ જીવાની મૂર્તિઓ અત્યારે પણ મારી નજરે તરે છે. તેઓ ઘણી સહીઓ લાવ્યા હતા. દાઉદ શેઠ આખો દહાડો પોતાની ગાડી લઈ નીકળી પડતા. કોઈએ ખીસાખર્ચ સુદ્ધાં ન માગ્યું.

દાદા અબદુલ્લાનું મકાન ધર્માશાળા કે જાહેર ઑફિસ જેવું થઈ પડ્યું હતું. શિક્ષિત ભાઈઓ તો મારી પાસે જ હોય. તેઓનું અને બીજા કામદારોનું ખાવાનું દાદા અબદુલ્લાને ત્યાં જ થાય. આમ સહુ ખૂબ ખર્ચમાં ઊતર્યા.

અરજી ગઈ. તેની એક હજર નક્લ છપાવી હતી. તે અરજીએ હિંદુસ્તાનની જાહેર પ્રજાને નાતાલનો પહેલો પરિચય કરાવ્યો. જેટલાં છાપાંનાં અને જાહેર આગેવાનોનાં નામ હું જાણતો હતો તેટલાંને તે અરજીની નકલો મોકલી.

'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'એ તે ઉપર અગ્રલેખ લખ્યો ને હિંદીઓની માગણીને સરસ ટેકો આપ્યો. વિલાયતમાં પણ અરજીની નકલ બધા પક્ષના આગેવાનોને મોકલવામાં આવી હતી. ત્યાં લંડનના 'ટાઈમ્સ'નો ટેકો મળ્યો. એટલે બિલને મંજૂરી ન મળવાની આશા બંધાઈ.

હવે મારાથી નતાલ છોડાય એવું ન રહ્યું. લોકોએ મને ચોમેરથી ઘેર્યો ને નાતાલમાં જ સ્થાયી રહેવાનો અતિશય અગ્રહ કર્યો. મેં મારી મુશ્કેલીઓ જણાવી. મારા મનની સાથે મેં નિશ્ચય કર્યો હતો કે મારે જાહેર ખરચે ન જ રહેવું. નોખું ઘર માંડવાની મેં આવશ્યકતા જોઈ. ઘર પણ સારું અને સારા લત્તામાં લેવું જોઈએ એમ મેં તે વેળા માન્યું.

બીજા બારિસ્ટરો રહે તેમ મારે રહેવામાં કોમનું માન વધે એમ મેં વિચાર્યું. આવું ઘર હું વર્ષના ૩૦૦ પાઉંડ વિના ન જ ચલાવી શકું એમ મને લાગ્યું. તેટલા પૈસાની વકીલાતની ખોળાધરી મળી શકે તો જ રહેવાય એમ મેં નિશ્ચય કર્યો ને તે કોમને જણવ્યો.

'પણ તેટલા પૈસા તમે જાહેર કામને સારુ લો તે અમને પરવડે તેમ છે, ને તેટલા એકઠા કરવા એ અમારે સારુ સહેલું છે. વકીલાત કરતાં મળે તે તમારું.' આમ સાથીઓએ દલીલ કરી. 'મારાથી એમ પૈસા લેવાય નહીં. મારા જાહેર કામની હું એટલી કિંમત ન ગણું. મારે કંઈ તેમાં વકીલાત ડાહોળવાની નથી, મારે તો લોકોની પાસે કામ લેવાનું રહ્યું છે. તેના પૈસા કેમ લેવાય? વળી મારે તમારી પાસેથી જાહેર કામને અર્થે પૈસા કઢાવવા રહ્યા. જો હું મારે સારુ પૈસા લઉં તો તમારી પાસેથી મોટી રકમો કઢાવતાં મને સંકોચ થાય ને છેવટે આપણું વહાણ અટકે. કોમની પાસે તો હું દર વર્ષે ૩૦૦ પાઉંડ કરતાં વધારે જ ખર્ચ કરાવવાનો.' મેં જવાબ આપ્યો.

'પણ અમે તમને ઓળખતા થઈ ગયા છીએ. તમારે ક્યાં તમારે સારુ પૈસા માગવા છે? તમારે રહેવાનો ખરચ તો અમારે આપવો જોઈએ ના!' 'એ તો તમારો સ્નેહ અને તાત્કાલિક ઉત્સાહ બોલાવે છે. આ જ ઉત્સાહ ને આ જ સ્નેહ સદાય ટકે એમ આપણે કેમ માની લઈએ? મારે તો તમને કોઈ વેળા કડવાં વેણ પણ કહેવાં પડે. ત્યારે પણ તમારો સ્નેહ હું જાળવી શકું કે નહીં એ તો દૈવ જાણે. પણ મૂળ વાત એ છે કે જાહેર સેવાને સારુ મારે પૈસા ન જ લેવા. તમે બધાં તમારું વકીલકામ મને આપવા બંધાઓ એટલું મારે સારુ બસ છે. આટલું પણ તમને કદાચ ભારે પડે. હું કોઈ ગોરો બારિસ્ટર નથી. કોર્ટ મને દાદ આપે કે નહીં એ હું શું જાણું? મને વકીલાત કરતાં કેવું આવડશે તે પણ હું ન જાણું. એટલે મને પહેલેથી વકીલ ફી આપો એ તો કેવળ મારી જાહેર સેવાને લીધે જ ગણાય ના?'

આમ ચર્ચા કરતાં છેવટ એ આવ્યું કે વીસેક વેપારીઓએ મને એક વર્ષનું વર્ષાસન બાંધી આપ્યું. તે ઉપરાંત દાદા અબદુલ્લા મને વિદાયગીરી વખતે ભેટ આપવાના હતા તેને બદલે તેમણે મને જોઈતું ફર્નિચર લઈ આપ્યું ને હું નાતાલમાં રહ્યો.

- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર